જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૧/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૦૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૧૨ | ૦ | ૧૬૮૧૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૧ | ૧ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૦૨ | ૨ | ૧૫૩૦૪ | ૧૬૧૪૬ | ૨ | ૧૬૧૪૮ |
| | કુલ | ૩૦૩૭૭ | 3 | ૩૦૩૮૦ | ૩૯૦૪૫ | ૨ | ૩૯૦૪૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૮ | ૧૩,૦૧,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૬૪ | ૧૧,૬૪,૦૦૦/- |

# એન.ડી.પી.એસ.ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન

## એન.ડી.પી.એસ.નો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી “ કે ” ડીવીઝન સાહેબનાઓ દ્વારા ચરસ/ગાંજા/નશાયુકત કફ શીરપની થતી ગે.કા.હેરાફેરી/વેચાણની અસામાજિક પ્રવુતિઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રી તથા સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા હેડ.કોન્સ. ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો. એઝાજહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ તથા પો.કો.ખુમાનસિહ બળદેવભાઇ બ.નં.૭૨૮૮ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં. ૧૩૯૪ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો. ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં. ૧૨૮૩ નાઓ સાથે રહી પો.કો.એઝાજહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી વલીમોહમદ અકબરહુસેન જાતે પરમાર ઉ.વ.૩૦ રહે :મ.નં.૬ ફાતીમા રેસીડેન્સી સમીનબીબી શેખના મકાનમાં જાહિદા ફ્લેટની સામે દાણીલીમડા અમદાવાદ શહેરનાઓ Chlorpheniramine Maleate & Codine Phosphate Syrup,Maxcorff 100 ml ની નશાયુકત કફ શીરપની સીલબંધ-૯૬૦ બોટલો કિ,રૂ,૧,૧૦,૪૦૦/ નો મુદામાલ નહિ પકડાયેલ આરોપી છગન મારવાડી રહે : રાજસ્થાન નાઓ પાસેથી ખરીદ કરી ગે.કા.વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાના મકાનમાં વેચાણ કરવા સારૂ રાખી લઇ મળી આવતા સદરી આરોપી પાસેથી મળી આવેલ નશાયુકત કફશીરપની ઉપરોકત બોટલો તપાસ અર્થે કબજે કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન બી પાર્ટ નં.૧૧૧૯૧૦ ૧૨૨૦૧૨૯૯/૨૦૨૦ ધી એન.ડી.પી.એસ.એક્ટ-૧૯૮૫ ની કલમ-૮(સી),૨૧(સી),૨૨(સી),૨૯ મુજબનો ગુન્હો શોધી કાઢેલ છે.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી ૧૨૬ લીટર દેશી દારૂ અને ૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૨/૨૦૨૦**

**સાયબર ક્રાઈમ**ઃ શાલીની વા/ઓફ વિપુલકુમાર ઠાકર (ઉ.વ.૩૫) (રહે. પરાગ સોસાયટી જૈન ઉપાશ્રયની બાજુમા ઓપેરા સોસાયટી સામે નવા વિકાસગૃહ રોડ પાલડી) એ તા.૦૫/૧૧/૨૦૨૦ નારોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન શાલીની ઠાકરને ફોન કરી મોબાઈલ નંબર ૮૧૨૦૫૯૭૭૪૩ ના ધારકે પોતાનુ નામ કરણજી જણાવી તેમજ મોબાઈલ નંબર ૯૧૭૯૬૮૫૨૬૭ ના ધારકે પવિત્ર શ્રીવાસ્તવ નામ જણાવી બ્રોકીંગ ફર્મ પ્રોમાર્ટ બ્રોકીંગ લિમીટેડ શેરબજારની લે વેચ કરવાથી સારો એવો પ્રોફીટ થશે તેવી લોભામણી લાલચ આપી તેમની ફર્મમાં ટ્રેડીંગ ખાતુ ખોલાવવા માટે વોટ્સએપથી શાલીની ઠાકરના ડોક્યુમેન્ટ મેળવી કુલ રૂપિયા ૧૯,૮૧,૮૦૦/- રોકાણ કરાવડાવી, રોકાણ કરેલ શેરનુ કોઇ બીલ કે પ્રોફીટ નહી આપી, પી એન્ડ એલ શીટ ઇમેલથી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

**નવરંગપુરા**ઃ દેવાંગભાઈ બીપીનભાઈ પરીખ (ઉ.વ.૪૬) (રહે. સહજ સેપીયન્સ વિશાલા હોટલ પાછળ ન્યુ વાસણા) એ તા.૦૫/૧૧/૨૦૨૦ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૦ સવારના ૧૦/૩૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા ઈન્કમટેક્ષ રાજશ્રી કોમ્પલેક્ષ ઓફીસ નં-એ/૩૦૨ વિજય કાંતી આંગડીયા ખાતેથી આરોપી જીતેન્દ્રભાઈ રમેશભાઈ કાકડીયા (રહે. ગામ-વીરડી તા-ગારીયાધાર જી-ભાવનગર) તથા તેમના પાર્ટનર વિજયભાઈ (જેઓનુ સાચુ નામ જયદીપ શાહ અથવા જગદીશ શાહ છે તે) દેવાંગભાઈ પરીખ પાસેથી રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**બાપુનગરઃ** ઉષાબહેન તે બાબુભાઇ કડિયાના વિધવા પત્ની (ઉ.વ.૭૦) (રહે. જાનકી રેસીડેન્સી શુકન એપાર્ટમેન્ટ સામે હિરાવાડી બાપુનગર) એ તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૦ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી સાઇદાબીબી ફિરોજખાન પઠાણ (રહે. ઠાકોરવાસ દાગજીપુરા ઉમરેઠ આણંદ) એ ઉષાબહેન કડીયાને વિધવા પેન્સન અપાવવાનુ કહી વિશ્વાસમાં લઇ બાપુનગર કીર્તિ ડેરી પાસે આવેલ માર્કેટથી રીક્ષામાં બેસાડી વી.એસ.હોસ્પિટલ પાસે આવેલ એસ.ટી.સ્ટેન્ડ લઈ જઈ સાહેબ દાગીના જોઈ જશે તો વિધવા પેન્સન નહી આપે તેમ કહી ઉષાબહેને પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૧,૧૨,૦૦૦/-, સોનાની તુલસીમાળા કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૨,૫૦૦/- કઢાવી લઈ નાસી જઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**સાબરમતીઃ** સ્વપનીલ રમેશભાઈ શર્મા (રહે. ધર્મનગર સોસાયટી વિભાગ-૨ મિલનમંદિર વાડીની બાજુમાં પાવર હાઉસ કોલોની સામે સાબરમતી) એ તા.૦૫/૧૧/૨૦૨૦ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ સ્વપનીલ પાર્લર એન્ડ ટ્રાવેલસ નામની ઓફીસ ખાતેથી આરોપી (૧) અમેશ અવધેશ ચતુર્વેદી (રહે. પહેલા મોટેરા સંગાથ સુકુન સાકાર સ્કુલ પાછળ) અને (૨) દેવેન્દ્રસિહ મકનસિહ રહેવર (રહે. પાર્શ્વનાથ અટલાંટીશપાર્ક સુઘડ ગાંધીનગર) મારૂતિ સિયાજ ડેલ્ટા ગાડી નંબર જીજે ૦૧ એચયુ ૫૦૪૬ કિમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- ભાડેથી લઈ જઈ આજદીન સુધી ગાડી પરત નહી આપી તેમજ ગાડીનુ ભાડુ રૂપિયા ૪,૬૬,૦૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

## <u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૧૩/૨૦૨૦</u>

**વસ્ત્રાપુરઃ** ચિરાગભાઇ ભુપેન્દ્રભાઇ ભરવાડ (ઉ.વ.૨૫) (રહે. ભરવાડ વાસ હોમટાઉનની બાજુમા થલતેજ) તા.૦૫/૧૧/૨૦૨૦ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે જીવનદીપ ચાર રસ્તાથી સુરધારા સર્કલ તરફ જતા કેનેરા બેન્ક સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક બજાજ પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ચિરાગભાઈના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચિરાગભાઈ ભરવાડે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૪/૨૦૨૦**

**નરોડાઃ** દિપકભાઇ અશોકભાઇ સિદણી (રહે. મહારાજા બંગ્લોઝ સિંધુ હોસ્પિટલની બાજુમાં કુબેરનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૧/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી ૧૦/૨૫ વાગ્યા દરમ્યાન નરોડા બેઠકથી નરોડા ગેલેક્ષી રોડ વચ્ચે આવેલ ઓનેસ્ટ રેસ્ટોરન્ટ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઇ હતી. બેગમાં રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૫/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** મહેશભાઇ મોતીભાઇ ભરવાડ (રહે. વૃંદાવન આવાસ બોડકદેવ) એ તા.૦૧/૧૧/૨૦૨૦ સાજના ૭/૧૫ વાગે વૃંદાવન આવાસ બોડકદેવ યશ કરિયાણા સ્ટોર સામે પોતાની ઈકો ગાડી નંબર જીજે ૦૧ કેવી ૭૬૮૩ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૨/૧૧/૨૦૨૦ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહેશભાઈ ભરવાડે તા.૦૫/૧૧/૨૦૨૦ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેનભાઇ જેરામભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૧૬/૨૦૨૦**

**અમરાઇવાડીઃ** ઋતુ ઉર્ફે રીતુ ડો/ઓ લલીતકિશોર પાન્ડે (ઉ.વ.૨૭) (રહે.કૈલાસધામ સોસાયટી જોગેશ્વરી રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૪૫ થી સાજના ૫/૨૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના લોખંડના હુકમાં રૂમાલ તથા દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

**કાગડાપીઠઃ** ભાગ્યશ્રીબહેન વા/ઓફ મહેશભાઇ પરમાર (ઉ.વ.૨૬) (રહે.લાલબહાદુર શાસ્ત્રીનગર વિજયલક્ષ્મી સોસયાટીની બાજુમા બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૦ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને મણીનગર રામબાગ સરદાર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી